Google Maps Vijay Vatika




Map data ©2023 100 m



# Vijay Vatika

Housing society

Directions Save Nearby Send to phone Share

232,G9 business center, Smc EWS Twp, Karadva Gam, Surat, Gujarat 394210

4VPM+G9 Surat, Gujarat

Send to your phone

Claim this business

Suggest an edit

## Add missing information

## Don't see what you need here?

Questions are often answered by the community within 20 minutes.

Ask the community

Write a review

## People also search for



Vijay Villa Residency
5.0 (8)
Housing society




Vijay yadav
No reviews
Housing society




Vijay g
4.0
Housin

## Web results

About this data

વેચાણ દસ્તાવેજ નં : ૭૨૩/૨૦૨૩
તારીખ : ૨૩/ ૦૨/૨૦૨૩

**વેચાણ આપેલ જમીન મિલકતની વિગત**

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે **ગામ : સણીયા કણદે** ના રેવન્યુ સર્વે નંબર : ૬૪, **બ્લોક નંબર : ૬૭,** ( જેનો સીટી સર્વે દફતરે **વોર્ડ : સણીયા કણદે,** શીટ નંબર : **NA99,** સીટી સર્વે નંબર : **NA67** ) નોંધાયેલ જમીન કે જેનુ સીટી સર્વે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ ૭૦૮૨ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન મિલકતનો વેચાણ દસ્તાવેજ..

# -: વેચાણ દસ્તાવેજ :-

**: વેચાણ રાખનાર યાને ખરીદનાર :**

॥ **SM VATIKA** ॥ નામની ભાગીદારી પેઢી

**: વેચાણ આપનાર યાને વેચનાર :**

**શ્રી પહાડસિંહ મોહનસિંહ ગોહિલ**

**PARESH D. SHELADIYA**
**ADVOCATE**
Off. : 3025, 3rd floor, Central Bazar, Opp. Varachha Police Station, Mini Bazar, Varachha Road, Surat.
**(Mo.)** ૯૩૭૫૫-૩૦૪૪૯

SCAN OK

1/ 723

સબ-રજીસ્ટ્રાર કચેરી

એસ.આર.ઓ - 6 કુંભારીયા

| ગામનુ નામ | દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ<br>નોંધણીની તારીખ | અનુક્રમ, વોલ્યુમ અને પૃષ્ઠ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સણીયા કણદે | માલિકી ફેરખત/વેચાણ<br>રૂ.21250000.00 | રેવન્યુ સર્વે નંબર : 64, બ્લોક નંબર : 67, ( જેનો સીટી સર્વે દફતરે વોર્ડ : સણીયા કણદે, શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) નોંધાયેલ જમીન કે જેનુ સીટી સર્વે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ 7082 ચો.મી. છે જેનુ પ્લોટ વેલીડેશન/રી-કોન્સ્ટીટયુટેડ મુજબ ક્ષેત્રફળ 4249.20 ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન મિલકત, | | | પહાડસિંહ મોહનસિંહ ગોહિલ<br>ઈલાબેન પહાડસિંહ ગોહિલ<br>આરતીબેન પહાડસિંહ ગોહિલ તે કિરપાલસિંહજી દેવધરાના પત્ની<br>સૌરવ પહાડસિંહ ગોહિલ | SM VATIKA નામની ભાગીદારી પેઢી | 23/01/2023<br>23/01/2023 | 723 | |

ઈ-પેમેન્ટ થી ટ્રાન્ઝેક્શન ID No. **20230127712776669** Date. **27-01-2023** થી મળેલ છે.

| | |
|---|---|
| સ્ટેમ્પ | રૂ. 300 |
| નકલ ફી | રૂ. ૨૦ |

Pareshbhai D Sheladiya ની તારીખ 27/01/2023 ના રોજની

અરજી નંબર : 8012023173830

તારીખ : 27/01/2023

Digitally signed by:
DS INSPECTOR GENERAL OF REGISTRATION
S.R.O-Surat - 6 Kumbharia
Date: 27-01-2023 18:07:01 IST
SURAT ,GUJARAT

આ નકલ સીસ્ટમ જનરેટેડ હોવાથી સબરજીસ્ટ્રારની સહીની જરૂરિયાત નથી. કોમ્પ્યુટર જનરેટેડ અનુક્રમણિકા નં :૨ ની નકલમાં કોઈ ફેરફાર/ચેડા કરવા કે ખોટી નકલ બનાવવી ફોજદારી ગુન્હો બને છે.

પ્રિન્ટ તારીખ : 1/27/2023 6:06:52 PM

# Inspector General of Registration
## Revenue Department, Government of Gujarat
## રજીસ્ટ્રેશન પહોંચ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૩૨૦૦૦૦૦૧૨૭૭ | દસ્તાવેજ નંબર | ૭૨૩ | દસ્તાવેજ વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૨૩ | માહે | જાન્યુઆરી | સને | ૨૦૨૩ |

દસ્તાવેજનો પ્રકાર Convayance/Sale(Convayance /Sale) અવેજ 21250000.00

રજુ કરનારનું નામ પહાડસિંહ મોહનસિંહ ગોહિલ

ટ્રાન્જેક્સન નંબર 20230119931123556

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | ૨૧૨૫૦૦.૦૦ |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | ૭૦૦.૦૦ |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........ | |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| અન્ય ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | ૨૧૩૨૦૦.૦૦ |



અંકે રૂપીયાં બે લાખ તેર હજાર બે સો પુરા

દસ્તાવેજ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં આવશે.

નકલ કચેરીમાં આપવામાં

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

સણીયા કણદે, તા : ચોર્યાસી, જી.સુરત 394210

અગર Authority Name :મોહિત રાદડીયા ને આપશો

રજુ કરનારની સહી

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત ૬ કુંભારીયા

SRT/6/KRY
No - 723 1/28
2023

# e-Challan

**Inspector General of Registration**
**Revenue Department**
**Government of Gujarat**

| Application No (અરજી નંબર) | 20231100099507 | Printed On (પ્રિંટ કર્યા તારીખ) | 19/01/2023 19:49:04 |
|---|---|---|---|

| Transaction No (ટ્રાંઝેકશન નંબર) | Account Head (ખાતાનું હેડ) | Amount (Rs.) (રકમ) | Bank CIN (બેંક સી.આઇ.એન) | Date (તારીખ) | Bank Branch (બેંક શાખા) |
|---|---|---|---|---|---|
| 20230119931123556 | Registration Fee (0030-03-104-00) | 213200.00 | 57000013551003019012379624 | 19-01-2023 | SBIEPAY |
| **Page Fee** (પેજ ફી) | (35) 700 | **Other** (અન્ય) | 0 | **Postage** (પોસ્ટેજ) | 0.00 |
| **Registration Fee** (નોંધણી ફી) | 212500.00 | **Fee Exemption** (ફી માફી?) | No | અવેજ ની રકમ | 21250000.00 |
| **Total Amount** (કુલ રકમ) | 213200.00 | **In Words** (શબ્દોમાં) | Rupees Two Lac Thirteen Thousand Two Hundred Only | | |

**Payee Details** (નાણા ભરનારની વિગત)

| Name (નામ) | SM VATIKA નામની ભાગીદારી પેઢી | Office District (કચેરીનો જિલ્લો) | SURAT |
|---|---|---|---|
| Address (સરનામુ) | ૮, પટેલ ફળીયુ, સણીયા કણદે, તા : ચોર્યાસી, જી : સુરત. SURAT_CITY (સુરત સીટી) SURAT (સુરત) GUJARAT (ગુજરાત) 395009 | Office Name (કચેરીનું નામ) | S.R.O-Surat - 6 Kumbharia |
| Mobile (મોબાઇલ નંબર) | 9375530449 | E-Mail (ઈ-મેલ) | pdsheladiya37@gmail.com |
| PAN (પાન નંબર) | AEVFS8585B | Year (વર્ષ) | 2022-2023 One time |

| **Property Details** (મિલ્કતની વિગત) | રેવન્યુ સર્વે નંબર : 64, બ્લોક નંબર : 67, ( જેનો સીટી સર્વે દફતરે વોર્ડ : સણીયા કણદે, શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) નોંધાયેલ જમીન કે જેનુ સીટી સર્વે રેકર્ડ મુજબ ક્ષેત્રફળ 7082 ચો.મી. છે જેનુ પ્લોટ વેલીડેશન/રી-કોન્સ્ટીટ્યુટેડ મુજબ ક્ષેત્રફળ 4249.20 ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન મિલકત, |
|---|---|

| **Remarks** (ટીપ્પણી) | |
|---|---|

SRT - 6 - KRY
TOKEN NO 1
21/12

નોંધ:
(૧) ગુજરાત નોંધણી ફી ઇ-પેમેન્ટ અને રીફંડ નિયમો,૨૦૨૦ના નિયમ ૪(૭) અનુસાર નોંધણી ફીનું ઇ-ચલણ ચાર માસ સુધી જ માન્ય ગણાશે.
(૨) ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958ની કલમ 52 અનુસાર ઈ-ચલણથી ભરેલ સ્ટેમ્પ ડ્યુટીની સમય મર્યાદા ડ્યુટી ભર્યાના 6 મહિના સુધીની છે.
(3) ઈ-ચલણમાં છેડછાડ કરવી કે ખોટુ ચલણ બનાવવું ફોજદારી ગુનો બને છે.

સબ રજીસ્ટ્રાર
સુરત-૬ (કુંભારીયા)

(( ૩ ))..

IN-GJ96228721162765V

SRT/6/KRY
₹10,41,300
- 723 2/28
2023

# INDIA NON JUDICIAL

## Government of Gujarat

## Certificate of Stamp Duty

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| **Certificate No.** | : | IN-GJ96228721162765V |
| Certificate Issued Date | : | 23-Jan-2023 01:03 PM |
| Account Reference | : | IMPACC (AC)/ gj13374611/ NANPURA/ GJ-SU |
| Unique Doc. Reference | : | SUBIN-GJGJ1337461120018804791714V |
| Purchased by | : | SM VATIKA A PARTNERSHIP FIRM |
| Description of Document | : | Article 20(a) Conveyance - Immovable Property |
| Property Description | : | DI-SURAT, TA-CHORYASI, MOJE-SANIYA KANDE, BLOCK NO-67, CITY SURVEY NO-NA67, SHEET NO-NA99, NA LAND |
| Consideration Price (Rs.) | : | 2,12,50,000 (Two Crore Twelve Lakh Fifty Thousand only) |
| First Party | : | SM VATIKA A PARTNERSHIP FIRM |
| Second Party | : | PAHADSINH MOHANSINH GOHIL AND OTHER |
| Stamp Duty Paid By | : | SM VATIKA A PARTNERSHIP FIRM |
| Stamp Duty Amount(Rs.) | : | 10,41,300 (Ten Lakh Forty One Thousand Three Hundred only) |

KAMLESH D. KHUNT SURAT

₹10,41,300

IN-GJ96228721162765V

JD 0009524165

Statutory Alert:

1. The authenticity of this Stamp certificate should be verified at 'www.shcilestamp.com' or using e-Stamp Mobile App of Stock Holding. Any discrepancy in the details on this Certificate and as available on the website / Mobile App renders it invalid.
2. The onus of checking the legitimacy is on the users of the certificate.
3. In case of any discrepancy please inform the Competent Authority.

SM VATIKA A PARTNERSHIP FIRM SM VATIKA A PARTNERSHIP FIRM SM VATIKA A PARTNERSHIP FIRM SM VATIKA A PARTNERSHIP FIRM SM VATIKA A PARTNERSHIP FIRM SM VATIKA A PARTNERSHIP FIRM SM VATIKA A PARTNERSHIP FIRM SM

(( ૩ ))..



SRT/6/KRY

- 723 3/28

2023

**॥ વેચાણ દસ્તાવેજ ॥**

**વેચાણ અવેજ રૂા. ૨,૧૨,૫૦,૦૦૦/- પુરાનો**

વિક્રમ સંવત : ૨૦૭૯ ના મહા સુદ બીજ ને, વાર : સોમવાર, તારીખ : ૨૩ મી, માહે : જાન્યુઆરી, સને : ૨૦૨૩ નાં અંગ્રેજી દિને...

**આ વેચાણ દસ્તાવેજનો લેખ લખાવી લેનાર યાને ખરીદનાર યાને તમો પહેલા પક્ષના :**

**॥ SM VATIKA ॥** નામની ભાગીદારી પેઢી ( PAN No : AEVFS 8585 B )

**ઠેકાણું :** ૮, પટેલ ફળીયુ, સણીયા કણદે,

તા : ચોર્યાસી, જી : સુરત.

( જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " **તમો** અગર **તમોએ** અગર **વેચાણ લેનાર-ખરીદનાર** અગર **પહેલા પક્ષના** " એ રીતે સંબોધવામા આવેલ છે, જેના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા તેઓ જાતે પોતે તથા તેમના વખતો વખતના ભાગીદારો, વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિકૃત પ્રતિનીધી, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીકયુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

**જોગ લી...**

**આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપનાર યાને વેચનાર યાને હમો બીજા પક્ષના :**

( ૧ ) **શ્રી પહાડસિંહ મોહનસિંહ ગોહિલ** ( PAN No : ABLPG 3554 F )

ઉ.આ.વ : ૬૧, ધંધો : ખેતી, જાતના : હિન્દુ,

રહેવાસી : ન્યુ પટેલ ફળીયુ, સણીયા કણદે, તા : ચોર્યાસી, જી : સુરત.

( ૨ ) **શ્રીમતી ઇલાબેન પહાડસિંહ ગોહિલ** ( PAN No : AVMPG 6315 P )

ઉ.આ.વ : ૬૧, ધંધો : ઘરકામ, જાતના : હિન્દુ,

રહેવાસી : ન્યુ પટેલ ફળીયુ, સણીયા કણદે, તા : ચોર્યાસી, જી : સુરત.

**મોજે ગામ : સણીયા કણદે** ના **બ્લોક નંબર : ૬૭,** (શીટ નંબર : **NA99,** સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
- 723 5/28
2023

..(( ૪ ))..

**( ૩ ) આરતીબેન પહાડસિંહ ગોહિલ તે કિરપાલસિંહજી દેવધરાના પત્ની**

( PAN No : CGHPD 3761 L )

ઉ.આ.વ : ૩૪, ધંધો : ઘરકામ, જાતના : હિન્દુ,

રહેવાસી : ૨/૪૭, દેવધરા ફળીયુ, દહેલી, તા : વાલીયા, જી : ભરૂચ.

**( ૪ ) શ્રી સૌરવ પહાડસિંહ ગોહિલ** ( PAN No : ARWPG 5883 C )

ઉ.આ.વ : ૩૨, ધંધો : ખેતી, જાતના : હિન્દુ,

રહેવાસી : ન્યુ પટેલ ફળીયુ, સણીયા કણદે, તા : ચોર્યાસી, જી : સુરત.

(જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"હમો** અગર **હમોએ** અગર **વેચાણ આપનાર** અગર **બીજા પક્ષના"** એ રીતે સંબોધવામા આવેલ છે, જેના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા તેઓ જાતે પોતે તથા તેમના વખતો વખતના વંશ, વાલી, વારસો, સકસેસરો, સરવાઇવરો, અધિકૃત પ્રતિનીધી, ટ્રાન્સફરીઓ, એસાઇનીઓ, એકઝીકયુટર્સ ઇત્યાદી તમામનો સમાવેશ થઇ જાય છે.)

આથી હમો બીજા પક્ષનાઓ તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજનો લેખ લખી આપી જણાવીએ છીએ કે :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે **ગામ : સણીયા કણદે** ના રેવન્યુ સર્વે નંબર : ૬૪, **બ્લોક નંબર : ૬૭, ( જેનો સીટી સર્વે દફતરે વોર્ડ : સણીયા કણદે) શીટ નંબર : NA99,** સીટી સર્વે નંબર : NA67 ) નોંધાયેલ જમીન કે જેનુ સીટી સર્વે રેકર્ડ મુજબ **ક્ષેત્રફળ ૭૦૮૨ ચો.મી.** બિનખેતી થયેલ જમીન મિલકત તથા તેને લાગતા-વળગતા અંદરના તથા બહારના તમામ હકક-અધિકાર સહિત ( કે જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **"સદરહુ જમીન"** તરીકે વર્ણવેલ છે. જેનું વિગતે વિસ્તારથી વર્ણન નીચે શિડયુલમાં દર્શાવેલ છે.) હમો બીજા પક્ષનાની સંયુકત માલીકી, કબજા, ભોગવટા, વહીવટ હેઠળ ચાલી આવેલ છે અને જે અંગે હમો બીજા પક્ષનાને હરકોઇ પ્રકારની વહીવટ, વ્યવસ્થા, સંચાલન, વેચાણ, નિકાલ કરવાનો સંપુર્ણ હકક અને અધિકાર છે. તેવા હકક અને અધિકારની રૂએ સદરહુ જમીન હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને **રૂા. ૨,૧૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે કરોડ બાર લાખ પચાસ હજાર પુરા**માં વેચાણથી આપેલ છે. અને જે વેચાણ અવેજના નાંણા તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાને આજદિન સુધીમા નીચેની વિગતે ચુકવી આપ્યા છે.

**મોજે ગામ : સણીયા કણદે** ના **બ્લોક નંબર : ૬૭,** (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
- 723 5/28
2023



-: નાણા મળ્યાની વિગત :-

| ક્રમ | વિગત | ચેક નંબર | રકમ રૂા. | નાંણા લેનાર |
|---|---|---|---|---|
| ૧ | એચડીએફસી બેંક | ૦૦૦૦૦૭ | ૨,૫૯,૩૭૫/- | પહાડસિંહ |
| ૨ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૬ | ૨૫,૦૦,૦૦૦/- | પહાડસિંહ |
| ૩ | એચડીએફસી બેંક | ૦૦૦૦૦૯ | ૧૫,૦૦,૦૦૦/- | પહાડસિંહ |
| ૪ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૫ | ૧૦,૦૦,૦૦૦/- | પહાડસિંહ |
| ૫ | એચડીએફસી બેંક | ૦૦૦૦૦૫ | ૨,૫૯,૩૭૫/- | ઈલાબેન |
| ૬ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૭ | ૨૫,૦૦,૦૦૦/- | ઈલાબેન |
| ૭ | એચડીએફસી બેંક | ૦૦૦૦૦૮ | ૧૫,૦૦,૦૦૦/- | ઈલાબેન |
| ૮ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૨ | ૧૦,૦૦,૦૦૦/- | ઈલાબેન |
| ૯ | એચડીએફસી બેંક | ૦૦૦૦૦૬ | ૨,૫૯,૩૭૫/- | આરતીબેન |
| ૧૦ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૮ | ૨૫,૦૦,૦૦૦/- | આરતીબેન |
| ૧૧ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૧ | ૧૫,૦૦,૦૦૦/- | આરતીબેન |
| ૧૨ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૩ | ૧૦,૦૦,૦૦૦/- | આરતીબેન |
| ૧૩ | એચડીએફસી બેંક | ૦૦૦૦૦૪ | ૨,૫૯,૩૭૫/- | સૌરવભાઇ |
| ૧૪ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૯ | ૨૫,૦૦,૦૦૦/- | સૌરવભાઇ |
| ૧૫ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૦ | ૧૫,૦૦,૦૦૦/- | સૌરવભાઇ |
| ૧૬ | એચડીએફસી બેંક | ૦૦૦૦૧૪ | ૧૦,૦૦,૦૦૦/- | સૌરવભાઇ |
| ૧૭ | ટી.ડી.એસ. | - | ૨,૧૨,૫૦૦/- | - |
| અંકે રૂપિયા બે કરોડ બાર લાખ પચાસ હજાર પુરા | | | રૂા. ૨,૧૨,૫૦,૦૦૦/- | |

અને આ રીતે ઉપરોક્ત જણાવ્યા મુજબ વેચાણ અવેજના નાંણા પુરેપુરા મળી ગયા બદલની આ થકી પણ હમો બીજા પક્ષના પાકી પહોંચ સ્વીકારીએ છીએ. જેથી ભવિષ્યમાં વેચાણ અવેજ ન મળ્યો કે ઓછા મળ્યાની કોઇપણ જાતની તર-તકરાર હમો બીજા પક્ષનાએ કરવા-કરાવવાની નથી અને જો કરીએ-કરાવીએ તો તે આ લેખથી રદબાતલ થાય સહી.

**<u>સદરહુ વેચાણથી આપેલ જમીનના ટાઇટલની હકીકત એવી છે કે,</u>**

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે ગામ : સણીયાકણદેના રેવન્યુ સર્વે નંબર : ૬૪ વાળી ખેતીની જમીનના મુળ માલીક તરીકે છીતાભાઇ જશાભાઇ

SRT/6/KRY
723 6/28
2023

..(( ૬ ))..

ચાલી આવેલ હતા, સદરહુ જમીનના માલીક છીતાભાઇ જશાભાઇનુ તારીખ : ૦૫/૦૮/૧૯૨૭ ના રોજ અવસાન થતા તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો કેસરભાઇ છીતાભાઇ તથા લાલભાઇ છીતાભાઇના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ, અને જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકકપત્રકે નોંધ નંબર : ૭૦ થી તારીખ : ૨૫/૦૮/૧૯૨૭ ના રાજ કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીનના કેસરભાઇ છીતાભાઇ તથા લાલભાઇ છીતાભાઇનુ અવસાન થતા તેમના કાયદેસરના વારસદારો તરીકે બાઇ છોંદર તે કેસર છીતાની વિધવા તથા જયસિંહ લાલસિંહ સગીરના વાલી બાઇ લાડુ તે લાલભાઇ છીતાભાઇની વિધવાના નામો દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની ફેરફાર નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૮૧ થી તારીખ : ૨૦/૦૩/૧૯૪૨ રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીકો બાઇ છોંદર તે કેસર છીતાની વિધવા તથા જયસિંહ લાલસિંહ સગીરના વાલી બાઇ લાડુ તે લાલભાઇ છીતાભાઇની વિધવાના પાસેથી સદરહુ સર્વે નંબરવાળી જમીન જોરાવરસિંહ નારસિંહ બાવા તથા રણજીતસિંહ નારસિંહ બાવાએ વેચાણથી રાખેલ, અને જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૨૭૦ થી તારીખ : ૨૭/૦૭/૧૯૪૯ રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સર્વે નંબર : ૬૪ તથા અન્ય જમીનના માલીક જોરાવરસિંહ નારસિંહ બાવા તથા રણજીતસિંહ નારસિંહ બાવા તથા કરાડવાના સર્વે નંબર : ૧૨ તથા ૧૯ ના માલીકો બાપુસિંહ લાલસિંહ વચ્ચે અદલાબદલી કરવામાં આવતા સર્વે નંબર : ૬૪ વાળી જમીન બાપુસિંહ લાલસિંહના નામે દાખલ કરવામાં આવેલ, અને જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૩૮૪ થી તારીખ : ૨૧/૦૨/૧૯૬૧ રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહું જમીનના બાપુસિંહ લાલસિંહનુ તારીખ : ૩૦/૦૧/૧૯૭૧ ના રોજ અવસાન થતા તેમના કાયદેસરના વારસદારો મોહનસિંહ બાપુસિંહ, અંબેસિંહ બાપુસિંહ, નિરૂબેન બાપુસિંહ તથા નંદુબેન બાપુસિંહનાઓ પૈકી મોહનસિહ બાપુસિંહ તથા

S.P. Gohil

મોજે ગામ : સણીયા કણદે ના બ્લોક નંબર : ૬૭, (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
723 7/28
2023

..(( ૭ ))..

અંભેસિંહ બાપુસિંહના નામો વારસાઇ હકકે દાખલ કરવામાં આવેલ. જે વારસાઇ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૫૬૬ થી તારીખ : ૧૫/૧૦/૧૯૭૧ રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન તથા અન્ય જમીનોની ભાઇઓ ભાગે વહેંચણી કરતા સદરહુ સર્વે નંબર : ૬૪ વાળી જમીનમાંથી અંભેસિંહ બાપુસિંહનુ નામ સંયુકતપણામાંથી કમી કરવામાં આવેલ, અને સદરહુ જમીનના મોહનસિંહ બાપુસિંહ એકલા, માલીક, મુખત્યાર કબજેદાર થયેલા અને ચાલી આવેલા. અને જે નામ કમી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૭૦૮ થી તારીખ : ૧૪/૦૯/૧૯૭૮ રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક મોહનસિંહ બાપુસિંહએ સદરહુ જમીન તથા અન્ય જમીનોની તેમના પુત્રો વચ્ચે વહેંચણી કરતા સદરહુ બ્લોક નંબર : ૬૭ વાળી જમીન પહાડસિંહ મોહનસિંહના હિસ્સે આવેલ, અને જે વહેંચણી અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૭૧૧ થી તારીખ : ૧૬/૧૦/૧૯૭૯ રોજ કરવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક પહાડસિંહમોહનસિંહનાઓએ સદરહુ જમીનમાં તેમની સાથે તેમના કાયદેસરના સીધીલીટીના વારસદારો ઇલાબેન પહાડસિંહ, આરતી પહાડસિંહ તથા સૌરવ પહાડસિંહના નામો હયાતીમાં દાખલ કરવા માટે અરજી કરતા તેમના નામો દાખલ કરવામાં આવેલ, અને જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૧૮૩૪ થી તારીખ : ૨૪/૧૧/૨૦૧૪ રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૩૦/૦૧/૨૦૧૫ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીનના માલીકો દ્વારા સદરહુ જમીન બિનખેતી કરવા માટે ગુજરાત જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ બિનખેતી પરવાનગી મેળવવા મે.કલેકટર સાહેબશ્રી, સુરતને અરજી કરતા તેમના હુકમ નંબર : ૯૬૮/૨૨/૧૦/૦૫૫/૨૦૨૨ થી તારીખ : ૧૯/૦૫/૨૦૨૨ ના રોજ બિનખેતી પરવાનગી આપવામાં આવેલ, અને જે હુકમ અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર

S.P. Gohil

**મોજે ગામ : સણીયા કણદે ના બ્લોક નંબર : ૬૭,** (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY

723 8/28

2023



: ૨૯૧૫ થી તારીખ : ૧૯/૦૫/૨૦૨૨ રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૧૮/૦૬/૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ.

ત્યારબાદ સદરહુ જમીન બિનખેતી થતા બિનખેતી હુકમની નોંધ ૨૯૧૫ થી પડતા સદરહુ જમીનનુ પ્રોપટીકાર્ડ તૈયાર કરવામાં આવેલ, અને ૭/૧૨ નુ પાનીયુ બંધ કરવામાં આવેલ, અને પાની બંધ થતા સદરહુ જમીનને સીટી સર્વે કચેરી સુરત-૧, સીટી સર્વે વોર્ડ : સણીયા કણદે (બિનખેતી), શીટ નંબર : એનએ૯૯, સીટી સર્વે નંબર : એનએ૬૭ આપવામાં આવેલ, અને જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ માં હકક પત્રકે નોંધ નંબર : ૨૯૧૬ થી તારીખ : ૧૯/૦૫/૨૦૨૨ રોજ કરવામાં આવેલ. જે નોંધ તારીખ : ૨૨/૦૬/૨૦૨૨ ના રોજ પ્રમાણીત થયેલ.

આમ, સદરહુ જમીન મિલકતના માલીક હમો બીજા પક્ષના યાને (૧) પહાડસિંહ મોહનસિંહ (૨) ઈલાબેન પહાડસિંહ (૩) આરતી પહાડસિંહ તથા (૪) સૌરવ પહાડસિંહનાઓની સંયુકત માલીકી, કબજા, ભોગવટા વહિવટ હેઠળની ચાલી આવેલ છે. આમ, હમો બીજા પક્ષના પસોથી સદરહુ જમીન તમો પહેલા પક્ષના વેચાણથી રાખવા માંગતા હોય, અને હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને સદરહુ જમીન વેચાણથી આપવા માંગતા હોય, આજરોજ આપણે પક્ષકારો વચ્ચે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે.

હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને સદરહુ બિનખેતીની જમીન ઉપર જણાવ્યા મુજબ કિંમતી વેચાણ અવેજના બદલામાં સદરહું જમીનનો કુલ, સંપુર્ણ, ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સ્થળ ઉપર સુપ્રત કરેલ છે અને જે તમો પહેલા પક્ષનાએ જોઇ, તપાસી, માપી માલીકી હકકે હમો બીજા પક્ષના પાસેથી, સ્થળ ઉપર હાજર રહી, ખુંટ નિશાન લગાડી સ્વીકારેલ છે અને એ રીતે સદરહુ જમીનના કબજા અંગે હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ વાલી વારસોએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની રહેશે નહી અને જો કરવા-કરાવવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

સદરહુ વેચાણ આપેલ જમીન હમો બીજા પક્ષનાએ તમો વેચાણ રાખનાર યાને પહેલા પક્ષના સિવાય અન્ય કોઇને ચાર્જ, ગીરો, વેચાણથી, બક્ષિસથી, ગણોતથી કે અન્ય કોઇ રીતે લખી આપેલ નથી તેમજ તેના વેચાણ અંગેના અન્ય કોઇને લખાણ, સાટાખત કે કરાર

S. P. Gohil

**મોજે ગામ : સણીયા કણદે** ના બ્લોક નંબર : **૬૭**, (શીટ નંબર : **NA99**, સીટી સર્વે નંબર : **NA67** ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
723 9/28
2023



લખી આપેલ નથી. તેમજ તે કોઇને અવલજપ્તીમાં કે જામીનગીરીમા લખી આપેલ નથી કે તેના ઉપર કોઇનો ખોરાકી પોષાકીનો કે હવા-ઉજાસનો કે અન્ય કોઇપણ પ્રકારના ઇઝમેન્ટના હકકો નથી. તેમજ તેની ઉપર કોઇ સરકારી અર્ધ સરકારી બેન્ક અગર બેન્કીંગ જેવી નાણાંકીય સંસ્થાઓ પાસેથી કે ખાનગી વ્યક્તિ પાસેથી નાણાં કે લોન ઉપાડેલ નથી, તેમજ તે કોઇને ઇકવીટેબલ મોર્ગેજમાં, એડીશ્નલ સીકયુરીટીમા લખી આપેલ નથી. તેમજ તે કોઇ કોર્ટનાં કે અન્ય કોઇપણ પ્રકારના તકરારી યા કાનુની પ્રકરણમાં સંડોવાયેલી નથી. તેમજ તેના ઉપર ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ યા અન્ય કાયદા અન્વયે કોઇ ચાર્જ કે બોજો નથી. તેમજ તેમા કોઇનો કોઇપણ પ્રકારનો માલીકી હકક, હિત, હિસ્સા કે લાગ-ભાગ કે દર-દાવો નથી યા ગણોતીયો કે દરમાલીયો નથી યાને કે સદરહું જમીન તદ્દન નબોજી, નકરજી, નજોખમી, ચોખ્ખે ચોખ્ખી ટાઇટલવાળી છે. અને એ રીતની તમો પહેલા પક્ષનાને હમો બીજા પક્ષનાએ ખાત્રી અને વિશ્વાસ તથા ભરોસો આપીને વેચાણથી આપેલ છે અને તમો પહેલા પક્ષનાએ હમો બીજા પક્ષના પાસેથી સદરહુ જમીન ખરીદ કરેલ છે સહી.

સદરહુ જમીન હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને હરહંમેશ યાને યાવતચંદ્ર દિવાકરોકાળ સારૂ આ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણથી આપેલ છે અને તમો પહેલા પક્ષનાના માલીકીપણામાં તથા વહીવટ, ભોગવટામાં સુપ્રત કરી દીધેલ છે. અને સદરહુ જમીનના હમો બીજા પક્ષના જેવા માલિક, મુખત્યાર હતા તેવા જ તમો પહેલા પક્ષનાને માલિક અને મુખત્યાર કબજેદાર બનાવ્યા હોવાથી વેચાણથી આપેલ જમીનનાં માલિક તરીકે સદરહુ જમીન તમો પહેલા પક્ષના હરકોઇને પણ વેચાણથી યા હરકોઇ રીતે લખી આપો, તેની ઉપર નાણાંકીય લોન ઉપાડો, તેમજ તે હરકોઇને ઇકવીટેબલ મોર્ગેજમાં લખી આપો તથા હરકોઇ પ્રકારે ઉપયોગ, ઉપભોગ, વપરાશ કરો-કરાવો કે તેના ઉપર પ્લાન મંજુર કરાવો, મંજુર પ્લાન મુજબ યુનીટોનુ વેચાણ કરો-કરાવો, ટુંકમાં, તમો તમારી ઇચ્છા મુજબ સદરહુ વેચાણથી આપેલ જમીનનો હરકોઇ પ્રકારનો વહીવટ, વ્યવસ્થા કરી-કરાવી શકો સહી. જેમા હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ વાલી વારસોએ કોઇએ કોઇપણ જાતની તર-તકરાર કરવા-કરાવવાની નથી અને તેમ કરવા-કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજ થકી રદબાતલ ગણાય સહી.

પહેલા પક્ષનાને વેચાણથી આપેલ સદરહુ કુલ્લે જમીનમાં જે ટી.પી. સ્કીમ મુજબના રોડ રસ્તા ગાડા મારગ ચાલી આવેલ છે તે ગાડા મારગ અને રોડ રસ્તામાં હાલવા ચાલવા માટે તેમજ વાહન લાવવા લઇ જવા માટેના, જે હકકો હમો બીજા પક્ષનાના ચાલી આવેલ

SRT/6/KRY
723 10/28
2023



અને મળેલ છે તે તમામ હકકો સહિત હમો બીજા પક્ષનાએ, તમો પહેલા પક્ષનાને સદરહુ બિનખેતીની જમીન વેચાણથી આપેલ છે સહી.

સદરહુ જમીન બાબત સુરત મહાનગર પાલીકા/સુડા અગર અન્ય કોઇ સરકારી કે અર્ધ સરકારી કચેરી યા સંસ્થા, કંપની, કોપોરેશન, બોર્ડ વિગેરે દ્વારા સંપાદનની માંગણી યા સંપાદન કરવામાં આવે, રોડ રસ્તા હેઠળ કપાતમાં લેવામાં આવે, રેલ્વે કોરીડોર, આઉટર રીંગ રોડ કે અન્ય કોઇપણ રીતે તમો પહેલા પક્ષનાઓ પાસેથી સદરહુ જમીન યા તેનો કોઇપણ ભાગનો કબજો લેવામાં આવે, શહેરી વિકાસ યોજના અંર્તગત રોડ, રસ્તા યા અન્ય કારણોસર કપાતમાં લેવામાં આવે અને તેના બદલામાં જે તે સંસ્થા દ્વારા તમો પહેલા પક્ષનાઓને કોઇપણ પ્રકારનુ નાણાકિય કે અન્ય વળતર ચુકવવામાં આવે કે તેવી રીતે સંપાદન થયેલ જમીનના બદલે અન્ય કોઇ જમીન ફાળવવામાં આવે, રેવન્યુ રેકર્ડ કે અન્ય કોઇ પણ દફતરોએ રી સર્વેયન્સના કારણે જમીનના ક્ષેત્રફળમાં કોઇપણ પ્રકારનો સુધારો વધારો થાય તો તે તમામ અંગે થનારા લાભ નુકશાન સંપુર્ણપણે તમો પહેલા પક્ષનાઓના રહેશે અને આવા સંજોગોમાં મળવાપાત્ર જમીન, મિલકત, વળતર બદલો વિગેરે બાબતે હમો બીજા પક્ષનાઓ કે હમારા વંશ વાલી વારસો ઇત્યાદી તમામનો કોઇપણ જાતનો હકક, હિત, અધિકાર, દર દાવો, લાગ ભાગ રહેશે નહી. અને હમો બીજા પક્ષનાઓ દ્વારા હસ્તે પરહસ્તે તે અંગેની કોઇ પણ જાતની માંગણી કરવા કરાવવાની રહેશે નહી. આમ છતા કરવા કરાવવામાં આવે તો તે આ વેચાણ દસ્તાવેજ થકી રદબાતલ ગણાય સહી, થાય સહી અને રહેશે સહી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ કુલ્લે જમીન અંગેના આજદિન સુધીના ગ્રામ પંચાયત જેવી સરકારી અર્ધ સરકારી સંસ્થાઓના તમામ ટેક્ષ, વેરાઓ કે સરકારી ચાર્જ યા ભરણાની રકમ હમો બીજા પક્ષનાએ ભરપાઇ કરી દીધેલ છે. તેમજ આજદિન પછીની કુલ્લે બિનખેતીની જમીન અંગેના જે કાંઇ ટેક્ષ, વેરાઓ કે સરકારી ચાર્જ યા ભરણાની રકમ યા સરકારી સુવિધાઓ, મંજુરીઓ મેળવવા માટે જે કાંઇ ખર્ચા થાય તે તથા ટી.પી.સ્કીમ અંગેનો બેટરમેન્ટ ચાર્જ તથા આઇ.સી.ના નાંણા સહીતની રકમ ભરવાની આવે, તે તમામ રકમ તમો પહેલા પક્ષનાએ ભરપાઇ કરવાની રહેશે.

હમો બીજા પક્ષનાએ વેચાણથી આપેલ સદરહુ જમીનના લાગતી વળગતી હરકોઇ સરકારી, અર્ધ સરકારી કચેરીઓ તથા સીટી સર્વે દફતરે/ગ્રામ પંચાયત/સુરત મહાનગર પાલીકા/સુડા, દ.ગુ.વિજ કું., વિગેરે હરકોઇ દફતરે હમો બીજા પક્ષનાઓનુ નામ કમી કરાવી,

S. P. Gohil

SRT/6/KRY
- 723 11/28
2023



તમો પહેલા પક્ષના તમારા નામ ઉપર આ વેચાણ દસ્તાવેજના આધારે દાખલ કરાવી લેવાની રહેશે અને તે અંગે હમો બીજા પક્ષનાની સહીઓ, કબુલાતો, જવાબો, સ્ટેટમેન્ટો વિગેરેની જરૂર પડે તે તમામ હમો બીજા પક્ષના વિના તકરારે અને વિના અવેજે આપવાની રહેશે સહી અગર તો આ વેચાણ દસ્તાવેજ થકી હમો બીજા પક્ષનાની સહીઓ તથા સંમતિઓ ગણી લઇ તમો પહેલા પક્ષનાના નામે ટ્રાન્સફર કરી-કરાવી શકો સહી.

સદરહુ જમીનની હાલની બજાર કિંમત **રૂા.૨,૧૨,૫૦,૦૦૦/-** છે. જેથી આ વેચાણ દસ્તાવેજ હાલના પ્રવતમાન કાયદા મુજબ જરૂરી જંત્રી અનુસાર ઇ-સ્ટેમ્પિંગ ઉપર કરવામા આવે છે. આ વેચાણ દસ્તાવેજ માટે કરવામા આવેલ તમામ ખર્ચ જેમ કે સ્ટેમ્પ પેપર, રજી. ફી, ટાઇપીંગ ફી, વકીલ ફી વિગેરે તમામ ખર્ચાઓ તમો પહેલા પક્ષનાએ કરેલ છે સહી.

-: શિડયુલ :-
ાા વેચાણ આપેલ બિનખેતીની જમીનની વિગત ાા

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે **ગામ : સણીયા કણદે** ના રેવન્યુ સર્વે નંબર : ૬૪, **બ્લોક નંબર : ૬૭,** ( જેનો સીટી સર્વે દફતરે **વોર્ડ : સણીયા કણદે,** શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) નોંધાયેલ જમીન કે જેનુ સીટી સર્વે રેકર્ડ મુજબ **ક્ષેત્રફળ ૭૦૮૨ ચો.મી.** છે જેનુ પ્લોટ વેલીડેશન/રી-કોન્સ્ટીટયુટેડ મુજબ પ્લોટનુ ક્ષેત્રફળ ૪૨૪૯.૨૦ ચો.મી. છે તે બિનખેતી થયેલ જમીન મિલકત તથા તેને લાગતા-વળગતા અંદરના તથા બહારના તમામ હકક-અધિકાર સહિત દરોબસ્ત.

**સદરહુ જમીનની ચતુરસીમા નીચે મુજબ છે.**

**પૂર્વે** : લાગુ બ્લોક નંબર : ૬૬
**પશ્ચિમે** : લાગુ બ્લોક નંબર : ૬૮
**ઉત્તરે** : રોડ
**દક્ષિણે** : લાગુ બ્લોક નંબર : ૬૬

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ, હમારી રાજીખુશીથી અને સ્વૈચ્છાએ તન-મનની સંપૂર્ણ સ્વસ્થ હાલતમાં વાંચી, વંચાવી, સાંભળી, સમજી, વિચારી, કોઇના કોઇપણ પ્રકારના દાબ-દબાણ કે ધાક-ધમકીમાં આવ્યા વગર કરી આપેલ છે. જે

**મોજે ગામ : સણીયા કણદે** ના બ્લોક નંબર : **૬૭,** (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY

723 12/28

2023

..(( ૧૨ )).

હમોને તથા હમારા વંશવાલી વારસો ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે.............................................મતુ, તત્રે.............................................શાખ.

૧.............................................
શ્રી પહાડસિંહ મોહનસિંહ ગોહિલ

૨.............................................
શ્રીમતી ઈલાબેન પહાડસિંહ ગોહિલ

૩.............................................
આરતીબેન પહાડસિંહ ગોહિલ

૪.............................................
શ્રી સૌરવ પહાડસિંહ ગોહિલ

.............................................

.............................................
( સાક્ષીઓની સહી)

મોજે ગામ : સણીયા કણદે ના બ્લોક નંબર : ૬૭, (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
[redacted] 723 13/28
2023

..(( ૧૩ ))..

<u>મિલકતનો ફોટો :</u>



સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે **ગામ : સણીયા કણદે** ના રેવન્યુ સર્વે નંબર : ૬૪, **બ્લોક નંબર : ૬૭,** ( જેનો સીટી સર્વે દફતરે **વોર્ડ : સણીયા કણદે,** શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) નોંધાયેલ જમીન મિલકત.

| <u>વેચનાર :</u> | <u>ખરીદનારા :</u> |
|---|---|
| ૧.................................... | ૧.................................... |
| ૨.................................... | ૨.................................... |
| ૩.................................... | |
| ૪.................................... | |

મોજે **ગામ : સણીયા કણદે** ના બ્લોક નંબર : ૬૭, (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
723 14/28
2023



**મિલકતનો ફોટો :**



સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી તાલુકાના, મોજે **ગામ : સણીયા કણદે** ના રેવન્યુ સર્વે નંબર : ૬૪, **બ્લોક નંબર : ૬૭,** ( જેનો સીટી સર્વે દફતરે **વોર્ડ : સણીયા કણદે,** શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) નોંધાયેલ જમીન મિલકત.

| **વેચનાર :** | **ખરીદનારા :** |
|---|---|
| ૧........................ | ૧........................ |
| ૨........................ | ૨........................ |
| ૩........................ | |
| ૪........................ | |

**મોજે ગામ : સણીયા કણદે** ના **બ્લોક નંબર : ૬૭,** (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
723 15/28
2023

..(( ૧૫ ))..

નોંધણી અધિનિયમની કલમ ૩૨-એ મુજબ ફરજીયાત ફોટા તથા અંગુઠાની શાખ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી.

**વેચાણ આપનાર :**

૧. શ્રી પહાડસિંહ મોહનસિંહ ગોહિલ



સહી..............................

૨. શ્રીમતી ઈલાબેન પહાડસિંહ ગોહિલ



સહી..............................

૩. આરતી પહાડસિંહ ગોહિલ



સહી..............................

૪. શ્રી સૌરવ પહાડસિંહ ગોહિલ



સહી..............................

મોજે ગામ : સણીયા કણદે ના બ્લોક નંબર : ૬૭, (શીટ નંબર : NA99, સીટી સર્વે નંબર : NA67 ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
- 723 16/28
2023



**વેચાણ રાખનાર :**

**॥ SM VATIKA ॥** નામની ભાગીદારી પેઢી
વતી અને તરફે તેના વહીવટકર્તા ભાગીદારો

**(૧) શ્રી નિલેશભાઇ બાલુભાઇ મકવાણા**

ઉ. આ. વ. : ૩૫, ધંધો : ખેતી/વેપાર, જાતના : હિન્દુ,
રહેવાસી : ૫૦, સીટી પેલેસ સોસાયટી, કુંભાલ, સુરત.



સહી.................................................

**(૨) શ્રી કિશોરસિંહ ઇશ્વરસિંહ સોલંકી**

ઉ. આ. વ. : ૩૫, ધંધો : ખેતી/વેપાર, જાતના : હિન્દુ,
રહેવાસી : ૮, પટેલ ફળીયુ, મોજે : સણીયા કણદે, તા : ચોર્યાસી, જી : સુરત.



સહી.................................................

**મોજે ગામ : સણીયા કણદે** ના બ્લોક નંબર : **૬૭,** (શીટ નંબર : **NA99,** સીટી સર્વે નંબર : **NA67** ) થી નોંધાયેલ બિનખેતી થયેલ જમીન મિલકત

SRT/6/KRY
723 17/28
2023

# સુરત શહેરી વિકાસ સત્તામંડળ

"સુડાભવન", ત્રીજો માળ, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત
ફોન નં. (૦૨૬૧) ૨૫૦૦૦૬૭, ૬૮, ૯૧
ઇ મેઇલ એડ્રેસ-stptech-suda-srt@gujrat.gov.in વેબ સાઇટ : http:\\www.sudaonline.org

નં.સુડા/યુ-૩/પ્લોટ વેલીડેશન/ફા.નં.૧૦૧૮/ ૧૨૨૫૭ તા.૨૮/૭/૨૦૨૨

પ્રતિ,
શ્રી મહાડસિંહ મોહનસિંહ તથા અન્યો,
C/o. આર્કી./એન્જી.શ્રી રવિ એસ. સોપારીવાલા,
રહે. પહેલો માળ, વ્રજ એપાર્ટમેન્ટ,
આરોગ્યનગર, અઠવાલાઇન્સ,
સુરત.

NOTARY DEVCHAND B. PATEL SURAT CITY Reg.No.4571 GOVT. OF INDIA

વિષય : પ્લોટ વેલીડેશન સર્ટીફીકેટ આપવા બાબત.
મોજે :સણિયાકણદે, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૬૭.
સંદર્ભ : આપશ્રીની તારીખ વગરની અરજી જે અત્રે મળ્યા તા.૨૧/૦૪/૨૦૨૨.

મહાશય,

ઉપરોક્ત વિષયે સંદર્ભ હેઠળના પત્રથી મોજે :સણિયાકણદે, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૬૭ અંગે પ્લોટ વેલીડેશન માટે અરજી કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

(૧) સરકારશ્રીનાં તા.૦૮/૧૦/૨૦૨૦ ના જાહેરનામાંથી મંજુર અને અમલી વિકાસ યોજના-૨૦૩૫ ની અસર બંધનકર્તા રહેશે.

(૨) મોજે :સણિયાકણદે, તા.ચોર્યાસી, જી.સુરતના બ્લોક નં.૬૭ વાળી જમીનમાં રીઝર્વડ લેન્ડ ફોર ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપમેન્ટ ફોર ઓથોરીટી માટેના પાર્ટ પ્લાનની નકલ આ સાથે સામેલ છે. તે મુજબ રી-કોન્સ્ટીટયુટેડ પ્લોટનું ક્ષેત્રફળ ૪૨૪૯.૨૦ ચો.મી. છે.

(૩) સરકારશ્રી દ્વારા મંજુર અને અમલી સી.જી.ડી.સી.આરની જોગવાઇઓ અન્વયે મેળવવા પડતા વિવિધ "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાના રહેશે.

બિડાણ : ઉપર મુજબ.

ATTESTED COPY
(Devchand B. Patel,
NOTARY

આપનો વિશ્વાસુ
પ્રવર નગર નિયોજક
સુરત શહેરી વિકાસ સત્તામંડળ
સુરત.

5201 0904 6260
આધાર – સામાન્ય માણસનો અધિકાર

Dehali
Valia Bharuch
Gujarat 393125
7600910416

ATTESTED COPY
(Devchand B. Patel,
NOTARY

DATE - 28/07/2022
REF. NO. 2022 / 230

## SURAT URBAN DEVELOPMENT AUTHORITY

**PART PLAN SHOWING CONTRIBUTION OF LAND AS PER CGDCR-2017 (CLAUSE NO. 6.17.4 )**

**VILLAGE : SANIA KANDE** **BLOCK NO : 67** **TALUKA : CHORYASI**

SRT/6/KRY
- 723 18/28
2023




NOTARY DEVCHAND B. PATEL SURAT CITY Reg.No.4571 GOVT. OF INDIA

**ALL DIMENSION IN MT.**

નોંધ
સદરહુ જમીનનું આ ફક્ત ટેન્ટેટીવ પ્લાનિંગ છે.
સદરહુ જમીનનું ભવિષ્યમાં ટી.પી સ્કીમમાં સમાવેશ થશે, તે સમયે થનાર ફેરફારોને પાત્ર તેમજ તેને બંધનકર્તા રહેશે.

**LEGEND** [00] BLOCK NO. BLOCK BOUNDARY RECONSTITUTED LAND BOUNDARY RESERVED LAND FOR INFRASTRUCTURE DEVELOPMENT FOR THE AUTHORITY

| VILLAGE | BLOCK NO | AREA IN SQ. MT. (AS PER 7/12 ) | RECONSTITUTED LAND 60.00 % | LAND CONTRIBUTION AS PER CGDCR-2017 40.00 % | | D.P. ZONING | | N |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | AREA IN SQ. MT. | AREA IN SQ. MT. | | | | |
| SANIA KANDE | 67 | 7082.00 | 4249.20 | RESERVED LAND FOR INFRASTRUCTURE DEVELOPMENT FOR THE AUTHORITY | 2832.80 | D.P-2035 | RESIDENTIAL | 1 CM.=20 MT. |

નોંધ પર મા.ચેરમેનશ્રીના મળેલ આદેશ અન્વયે.

ATTESTED COPY

**SENIOR TOWN PLANNER**
**SURAT URBAN DEVELOPMENT AUTHORITY**

(Devchand B. Patel, NOTARY

5201 0904 6260
આધાર – સામાન્ય માણસનો અધિકાર

Dehali
Valia,Bharuch
Gujarat 393125
7600010416
128139281

ATTESTED COPY
(Devchand B. Patel, NOTARY

As on 23/01/2023 10:23 AM    અરજી નંબર **202385113**

જીલ્લો: સુરત    સિટી સરવે ઓફિસ: સુરત-૧    વોર્ડ: સણીયા કણદે (બીનખેતી)

| ...જી નંબર : 202385113 | **મિલકત કાર્ડ** | | | | 19904 |
|---|---|---|---|---|---|
| જીલ્લો: સુરત | સિટી સરવે ઓફિસ: સુરત-૧ | | | | વોર્ડ: સણીયા કણદે (બીનખેતી) |
| સિટી સરવે નંબર | ટી.પી નંબર | ફા.પ્લો.નં | ક્ષેત્રફળ(ચો.મી.) | સત્તા પ્રકાર | સરકાર ને ભરવાના આકાર અથવા ભાડા સંબંધી અને ફેર આકારણી માટે પુરી થતી મુદત સંબંધી વિગત |
| NA67 | | | 7082 | સી C | રૂ.4603 |

| | |
|---|---|
| ...તા પ્રકાર નું વર્ણન | ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની ૧૮૭૯ની કલમ ૪૮ હેઠળ સરકારશ્રીને મહેસુલ ભરવાને પાત્ર જમીનો. |
| ...શ હક્ક | |
| ...વાયરી ઓફિસર ના ઠરાવ ને આધારે સને 2022 માં હક્ક પ્રાપ્તિનો આધાર (શોધી શકાય તે પ્રમાણમાં) | |
| ...રણ કરનાર | પહાડસિંહ મોહનસિંહ<br>ઈલાબેન પહાડસિંહ ગોહિલ<br>આરતી પહાડસિંહ ગોહિલ<br>સૌરવ પહાડસિંહ ગોહિલ<br>હક્કો કેવી રીતે મળ્યા(મળી આવે ત્યાં સુધી)<br>કલેક્ટર શ્રી,સુરત ના બીનખેતી હુકમ ક્રમાંક : 968/22/10/055/2022 તા. 19/05/2022 ના આધારે આ કાર્ડ બનેલ છે. (બીનખેતી હુકમ ની ગામ નમૂના નં 6 ની નોંધ નં : 2915) |
| ...દાર: | |
| ...જા બોજા: | (1) ટુકડો. [277], (2) ધી સુરત ડિ. કો-ઓ. બેન્ક લી.સુરત,ચલથાણ શાખાનો અંકે રૂપીયા ૨,૩૦,૦૦૦/- નો બોજો [2352], (3) શ્રી ચ.વિ.ખાં.ઉ.સ.મં.ના રૂ.૧૦૦૦૦નો બોજો [880], (4) શ્રી ચ.વિ.ખાં.ઉ.સ.મં.ના રૂ.૪૦૦૦૦નો બોજો [1068] |
| ...જી નોંધ: | |

| ...હુકમ નંબર ...ીખ | ફેરફારની વિગત | નવો ધારણ કરનાર(ધા) પટેદાર(પ) અથવા બીજા બોજાઓ(બે) | નિર્ણય (પ્રમાણિત,નામંજુર) સહી અને તારીખ |
|---|---|---|---|
| | | | |

REGISTRAR ... (JUMBHARIYA)

SRT/6/KRY
No - 723 19/28
2023

202385113

CITY SURVEY SUPERINTENDENT SURAT-1

Digitally signed by:
DS O/O THE SETTLEMENT COMMISSIONER AND DIRECTOR OF LAND RECORDS 1
GOVERNMENT OF GUJARAT
Date: 23-01-2023 10:24:36 IST
CSS SURAT-1

...જન્ય: રાષ્ટ્રીય સુચના વિજ્ઞાન કેન્દ્ર , ગુજરાત રાજ્ય    વેચાણ નકલ અંકે રૂ.5/-મળેલ છે આભાર સહ ___..........



5201 0904 6260
આધાર – સામાન્ય માણસનો અધિકાર

Dehali
Valia,Bharuch
Gujarat-393125
7600010416

ATTESTED COPY
(Devchand B. Patel,
NOTARY

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA

स्थायी लेखा संख्या कार्ड
Permanent Account Number Card
AEVFS8585B

नाम / Name
SM VATIKA

निगमन / गठन की तारीख
Date of Incorporation/Formation
17/10/2022

11112022

SRT/6/KRY
- 723 20/28
2023

ભારત સરકાર
Government of India



મકવાણા નીલેશ બાલુભાઈ
Makwana Nilesh Balubhai
જન્મ તારીખ / DOB : 19/02/1987
પુરૂષ / Male

2384 6837 5312

આધાર – સામાન્ય માણસનો અધિકાર

ભારતીય વિશિષ્ટ ઓળખાણ પ્રાધિકરણ
Unique Identification Authority of India

સરનામું:
50, સિટી પેલેસ, બી/એચ-કિરણ મોટર્સ, ડુમ્ભાલ, સુરત સીટી, બોમ્બે માર્કેટ, સુરત, ગુજરાત, 395010

Address:
50, city palace, B/H-kiran motors, dumbhal, Surat City, Bombay Market, Surat, Gujarat, 395010

2384 6837 5312

1947
1800 300 1947
help@uidai.gov.in
www.uidai.gov.in

ભારત સરકાર
Government of India



કિશોરસિંહ ઇશ્વરસિંહ સોલંકી
Kishorsinh Ishvarsinh Solanki
જન્મ તારીખ / DOB : 13/01/1987
પુરૂષ / Male

4422 2392 3424

આધાર – સામાન્ય માણસનો અધિકાર

09/09/2013

To,
કિશોરસિંહ ઇશ્વરસિંહ સોલંકી
Kishorsinh Ishvarsinh Solanki
8
PATEL FALIYU
SANIYA KANADE -
Saniya Kanade
Sania Kande Chorasi Surat
Gujarat 394210

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA

MAKWANA NILESH BALUBHAI
B G MAKWANA
19/02/1987
Permanent Account Number
ASYPM5530D



Signature

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA

SOLANKI KISHOR ISHWARSINH
I V SOLANKI
13/01/1987
Permanent Account Number
BQYPS3835C



K. I. Solanki
Signature

ભારત સરકાર
Government of India



પહાડસિંહ મોહનસિંહ ગોહિલ
Pahadsinh Mohansinh Gohil
જન્મ તારીખ / DOB : 03/03/1961
પુરૂષ / Male

3705 4242 0000

આધાર – સામાન્ય માણસનો અધિકાર

નોંધણીની ઓળખ / Enrollment No 1211/78033/01848

09/09/2013

To,
પહાડસિંહ મોહનસિંહ ગોહિલ
Pahadsinh Mohansinh Gohil
275
NEW PATEL FALIYU SANIYA KANADE
Saniya Kanade
Sania Kande Chorasi Surat
Gujarat 394210
9712382799

Ref: 203 / 22J / 403513 / 404985 / P

ભારત સરકાર
Government of India



દેવધરા આરતી કિરપાલસિંહજી
Devadhara Arti Kirpalsinhji
જન્મ તારીખ / DOB : 21/03/1988
સ્ત્રી / Female

5201 0904 6260

આધાર – સામાન્ય માણસનો અધિકાર

14/03/2014

To
દેવધરા આરતી કિરપાલસિંહજી
Devadhara Arti Kirpalsinhji
W/O: Devadhara Kirpalsinhji
2/74 Devadhara Faliyu
Ramji Mandir Daheli
Daheli
Dehali
Valia Bharuch
Gujarat 393125
7600010416

126139281

NOTARY DEVCHAND B. PATEL SURAT CITY Reg. No. 4571 GOVT. OF INDIA

ATTESTED COPY

(Devchand B. Patel,
NOTARY

ભારત સરકાર
Government of India
ઇલાબેન પહાડસિંહ ગોહિલ
Ilaben Pahadsinh Gohil
જન્મ તારીખ / DOB : 06/07/1961
સ્ત્રી / Female

9046 7808 5716

આધાર – સામાન્ય માણસનો અધિકાર

નોંધણીની ઓળખ / Enrollment No 1211/78036/00582

To,
ઇલાબેન પહાડસિંહ ગોહિલ
Ilaben Pahadsinh Gohil
NEW PATEL FALIYU
SANIYA KANADE
Saniya Kanade
Sania Kande Chorasi Surat
Gujarat 394210

09/09/2013

Ref: 203 / 22J / 403982 / 404085 / P

SRT/6/KRY
- 723 21 28
2023

NOTARY DEVCHAND B. PATEL SURAT CITY Reg.No.4571 GOVT. OF INDIA

ભારત સરકાર
Government of India
સૌરવ પહાડસિંહ ગોહિલ
Saurav Pahadsinh Gohil
જન્મ તારીખ / DOB : 02/08/1990
પુરુષ / Male

5717 7208 6509

આધાર – સામાન્ય માણસનો અધિકાર

To
સૌરવ પહાડસિંહ ગોહિલ
Saurav Pahadsinh Gohil
204 mangalam co op ha so ltd
Behind cosmos apprtment rander road
Surat City
Navyug College
Surat City Surat
Gujarat 395009
9909206678

19/11/2014

1905663142FT
ML905663142FT

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
ARTI K DEVADHARA
PAHADSINH MOHANSINH GOHIL
21/03/1988
Permanent Account Number
SHPD3761L
Signature

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
PAHADSINH MOHANSINH GOHIL
MOHANSINH BAPUSINH GOHIL
03/03/1961
Permanent Account Number
ABLPG3554F
Signature

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
GOHIL ILABEN PAHADSINH
ILABEN PARBHUBHAI DESAI
06/07/1961
Permanent Account Number
AVMPG6315P
Signature
12082010

आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
स्थायी लेखा संख्या कार्ड
Permanent Account Number
ARWPG5883C
नाम / Name
SAURAV PAHADSINH GOHIL
पिता का नाम / Father's Name
PAHADSINH MOHANSINH GOHIL
जन्म की तारीख / Date of Birth
02/08/1990
हस्ताक्षर / Signature

भारत सरकार
Government of India
आधार
गुर्जर रणजीतभाई बाबुभाई
GURJAR RANJITBHAI BALUBHAI
જન્મ તારીખ/DOB: 01/06/1980
પુરુષ/ MALE
Mobile No: 9879937972
Download Date: 22/01/2021
Issue Date: 20/01/2021

7449 0303 7232
VID : 9178 6582 2996 1601

मेरा आधार, मेरी पहचान

भारतीय विशिष्ट पहचान प्राधिकरण
Unique Identification Authority of India
AADHAAR
સરનામું :
એફ/1001, સિલિકોન પેલેસ, એસ.એમ.સી સ્ટોર પાસે, અર્ચના રોડ ડુંભાલ, સુરત, સુરત,
ગુજરાત - 395010
Address:
F/1001, silicon palace, near s.m.c store, archana road dumbhal, Surat, Surat,
Gujarat 395010

7449 0303 7232
VID : 9178 6582 2996 1601

1947 | help@uidai.gov.in | www.uidai.gov.in

ભારત સરકાર
Government of India
રાદડિયા મોહિત ભરતભાઈ
Radadiya Mohit Bharatbhai
જન્મ તારીખ/DOB: 04/07/1995
પુરુષ/ MALE

6717 0425 5663
VID : 9166 6259 5849 9427

મારો આધાર, મારી ઓળખ

ભારતીય વિશિષ્ટ ઓળખાણ પ્રાધિકરણ
Unique Identification Authority of India
આધાર
સરનામું :
૨૬, સંતકૃપા સોસાયટી, પુણાગામ, તળાવ પાસે,
ચોરાસી, સુરત,
ગુજરાત - 395010
Address:
26, santkrupa society, punagam, talav pase, Chorasi, Surat,
Gujarat - 395010

QR Code with Photograph

ATTESTED COPY

6717 0425 5663
VID : 9166 6259 5849 9427

1947 help@uidai.gov.in www.uidai.gov.in

(Devchand B. Patel)
NOTARY

SRT/6/KRY

- 723 22/28

2023

દસ્તાવેજ નંબર 723 તારીખ 23/01/2023

પરિશિષ્ટ

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ ની પેટા કલમ-3 મુજબનું ચેકલીસ્ટ

| અ. નં. | પ્રશ્ન | જવાબ(હા/ના) |
|---|---|---|
| | **લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુલમુખત્યારને પુછવાના પ્રશ્નો** | |
| 1 | લેખમાં દર્શાવ્યા મુજબ Saniya Kanade મહેસુલી ગામની 64, 67, NA67, NA99, (સર્વે નંબર/ બ્લોક નંબર/ ટી.પી.નંબર /એફ.પી.નંબર વિગેરે) ની ખેતી/બિનખેતીની મિલકતનો મિલ્કત ફેરખત/વેચાણ(વેચાણ) લેખ કરી આપેલ છે? | હા |
| 2 | લેખમાં દર્શાવ્યા મુજબ 4249.2 ચો.મી. ખેતી/બિનખેતીની મિલકતનો માટે લેખ કરી આપેલ છે ? | હા |
| 3 | લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે ? | હા |
| 4 | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવી, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબૂલ રાખો છો ? | હા |
| 5 | પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે? | લાગુ પડતું નથી |
| 6 | પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યક્તિઓ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે? | લાગુ પડતું નથી |
| 7 | પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે? | લાગુ પડતું નથી |
| | ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યક્તિઓ સાથે લાવ્યા છો? | હા |
| | **ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો** | |
| 1 | દસ્તાવેજ લખી આપનાર વ્યક્તિઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો ? | હા |
| 2 | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યક્તિઓ એક જ છે ? | હા |
| 3 | કોઇ વ્યક્તિએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી જેની તમે ખાતરી આપો છો ? | હા |

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહી

| | |
|---|---|
| 1. | |
| 2. | |
| 3. | |
| 4. | S.P. Gohil |
| 5. | |

| ઓળખાણ આપનારની સહી |
|---|
| 1. |
| 2. RBAhir |

S.R.O-Surat - 6 Kumbharia

સબ રજીસ્ટ્રાર

| SRT/6/KRY | | |
| --- | --- | --- |
| 723 | 23 | 28 |
| 2023 | | |

(G2.0) 23/01/2023 2:44 PM

| અનુક્રમ નંબર 723 સને 2023 ના જાન્યુઆરી માસની 23 મી તારીખે 14 થી 15 વાગ્યાની વચ્ચે સુરત - 6 કુંભારીયા સબ રજીસ્ટ્રારની કચેરીમાં રજુ કર્યો. | પહોંચ નંબર:202332000001277 | |
| --- | --- | --- |
| | ફીપહોંચી છે તે | Rs. |
| | રજીસ્ટ્રેશન ફી | ૨૧૨૫૦૦.૦૦ |
| | નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો (35) | ૭૦૦.૦૦ |
| | અન્ય ફી | ૦.૦૦ |
| | કુલ એકંદરે રૂ. | ૨૧૩૨૦૦.૦૦ |




દસ્તાવેજ પ્રકાર: Convayance/Sale : Convayance /Sale
20230119931123556

પહાડસિંહ મોહનસિંહ ગોહિલ

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

| SRT/6/KRY | | |
|---|---|---|
| 723 | ૨૫ | ૨૮ |
| 2023 | | |

(G2.0) 23/01/2023 2:44 PM

| અનું.નંબર | પક્ષકારનું નામ અને સરનામુ | ઉમર | ફોટોગ્રાફ | ડા.હા.અં.ની છાપ | સહી |
|---|---|---|---|---|---|
| આપનાર | | | | | |
| ૧ | પહાડસિંહ મોહનસિંહ ગોહિલ<br><br>,સણીયા કણદે, તા : ચોર્યાસી,,,જી.સુરત,SURAT_CITY (સુરત સીટી),SURAT (સુરત),GUJARAT (ગુજરાત),394210<br>PANNO:ABLPG3554F | ૫૮ |  |  | |
| આપનાર | | | | | |
| ૨ | ઈલાબેન પહાડસિંહ ગોહિલ<br><br>ન્યુ પટેલ ફળીયુ,,સણીયા કણદે, તા : ચોર્યાસી,,,જી.સુરત,SURAT_CITY (સુરત સીટી),SURAT (સુરત),GUJARAT (ગુજરાત),394210<br>PANNO:AVMPG6315P | ૬૧ |  |  | |
| આપનાર | | | | | |
| ૩ | આરતીબેન પહાડસિંહ ગોહિલ તે કિરપાલસિંહજી દેવધરાના પત્ની<br><br>૨/૪૭,,દેવધરા ફળીયુ, દહેલી, તા : વાલીયા,,,જી : ભરૂચ.,BHARUCH (ભરુચ),BHARUCH (ભરુચ),GUJARAT (ગુજરાત),393125<br>PANNO:CGHPD3761L | ૩૪ |  |  | |
| આપનાર | | | | | |
| ૪ | સૌરવ પહાડસિંહ ગોહિલ<br><br>ન્યુ પટેલ ફળીયુ,,સણીયા કણદે, તા : ચોર્યાસી,,,જી.સુરત,SURAT_CITY (સુરત સીટી),SURAT (સુરત),GUJARAT (ગુજરાત),394210<br>PANNO:ARWPG5883C | ૩૨ |  |  | |

દસ્તાવેજ લખી આપનાર આ દસ્તાવેજ લખી આપ્યાનું ક્બુલ કરે છે.

| SRT/6/KRY | | |
|---|---|---|
| 723 | 25 | 28 |
| 2023 | | |

(G2.0) 23/01/2023 2:44 PM

---

૧ મોહિત ભરતભાઇ રાદડીયા
3025,સેન્ટ્રલ બજાર,,સુરત,SURAT_CITY (સુરત સીટી),SURAT (સુરત),GUJARAT (ગુજરાત),395010




૨ રણજીતભાઈ બાલુભાઈ ગુર્જર
1101,સીલીકોન પેલેસ,પરવટ પાટીયા,સુરત,SURAT MUNICIPAL CORP. (સુરત મ્યુનિસિપલ કોર્પો.),SURAT (સુરત),GUJARAT (ગુજરાત),395010




**તેઓ કહે છે કે સદરહું લખી આપનારને તેઓ જાતે ઓળખે છે.**
**અને તેમની ઓળખાણ આપે છે.**

| | |
|---|---|
| ૧ | [signature] |
| ૨ | RBAmir |

તારીખ: ૨૩ માહે: જાન્યુઆરી -૨૦૨૩

**A.K.MUNGALPARA**
**સબ રજીસ્ટ્રાર**
**સુરત - 6 કુંભારીયા**

SUB REGISTRAR ... (KUMBHARIYA) * સુરત-૬ ... નો સિક્કો *

---

**પરિપત્ર ક્રમાંક: ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪**

નોંધણી સર નિરક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગરના તા.૨૨\૦૫\૨૦૧૫ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૧૩૦૦૧ થી ૧૩૩૬૪ તથા તા.૧૧\૧૧\૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૪૭/૨૦૧૪/૩૨૩૯૨ થી ૩૨૭૫૭ મુજબ લખી આપનાર નં ....................... ને દસ્તાવેજોની વિગતે સમજુત કર્યા અને ઓળખાણ આપનારાઓએ તેઓની ઓળખ અંગે ની ખાતરી આપતા રજીસ્ટ્રેશન એકટ -૧૯૦૮ ની કલમ -૩૪,૩૫,૫૮ અને ૫૯ હેઠળની કાર્યવાહી પુરી કરી.

**A.K.MUNGALPARA**
**સબ રજીસ્ટ્રાર**
**સુરત - 6 કુંભારીયા**

---

| SRT/6/KRY | | |
| --- | --- | --- |
| 723 | ૨૬ | ૨૮ |
| 2023 | | |

(G2.0) 23/01/2023 2:44 PM

બજાર કિંમત નક્કી કરવા અંગેનું ફોર્મ નં. ૧ રજુ થયેલ છે.

તારીખ: 23/01/2023

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

---

ઇંકમટેક્ષ રૂલ્સ ૧૯૬૨ ની જોગવાઇ મુજબ (૧) પાન નં/ઇ.જ.ર. નંબર દર્શાવેલ છે. જેની ખરાઇ કરવામાં આવેલ છે.

| | |
| --- | --- |
| આપનાર નંબર | 1,2,3,4 |
| લેનાર નંબર | 1 |
| સંમતી આપનાર નંબર | |

તારીખ: 23/01/2023

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

---

આ સાથે લેનાર , આપનાર તથા ઓળખાણ આપનારના ઓળખ અંગેના પ્રમાણીત પુરાવા રજુ કરેલ છે.

તારીખ: 23/01/2023

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

---

| SRT/6/KRY | | |
| --- | --- | --- |
| 723 | ૨૭ | ૨૪ |
| 2023 | | |

(G2.0) 23/01/2023 2:44 PM

નોંધણી સર નિરીક્ષકશ્રીના પરિપત્ર ક્રમાંક : ઈજર/વહટ/૩૦૨/૨૦૨૦/૩૫૩૭૮ તા.૨૩/૧૦/૨૦૨૦ અન્વયે ખુલ્લા પ્લોટનું સોગંદનામું રજૂ કર્યું.

તારીખ: 23/01/2023

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

SUB REGISTRAR * સુરત - ૬ (કુંભારીયા) નો સિક્કો * (KUMBHARIYA)

| SRT/6/KRY | | |
|---|---|---|
| 723 | 28 | 28 |
| 2023 | | |

(W) 23/01/2023 5:41 PM

૧ નંબરની બુકના ૭૨૩ નંબરે નોંધ્યો છે.

તારીખ: 23-01-2023

A.K.MUNGALPARA
સબ રજીસ્ટ્રાર
સુરત - 6 કુંભારીયા

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-6 (KUMBHARIYA)
સબ રજીસ્ટ્રાર સુરત -૬ (કુંભારીયા) નો સિક્કો